# ૧૧ માસના કરાર પદ્ધતિથી ભરતી કરવા બાબત

કોર્પોરેશન પ્રોગ્રામ મેનેજમેન્ટ યુનિટ અંતર્ગત નીચે જણાવેલ સ્ટાફની જગ્યાઓ તદ્દન હંગામી ધોરણે ૧૧ માસ કરાર આધારિત ભરવા તથા તેની પ્રતિક્ષાયાદી બનાવવા સદરહુ જાહેરાત આપવામાં આવેલ છે. માન્ય લાયકાત ધરાવતા ઉમેદવારોએ તા. ૦૧/૧૨/૨૦૨૩ થી તા.૦૮/૧૨/૨૦૨૩ સુધીમાં સાંજના ૦૫:૦૦ કલાક સુધી આરોગ્યસાથી સોફ્ટવેરની લિંક https://arogyasathi.gujarat.gov.in પર ઓનલાઈન અરજી કરવાની રહેશે.

ઉપરોક્ત પોસ્ટ માટેની જરૂરી લાયકાત ઉંમર અંગેની સ્પષ્ટતા ઉચ્ચક માસિક વેતન તથા અનુભવ અંગેની સ્પષ્ટતા દર્શાવતી વિગતો નીચે મુજબ છે.

| જગ્યાનું નામ અને સંખ્યા | લાયકાત | કયા ડોક્યુમેન્ટર ઓનલાઇન અપલોડ કરવા/મંગાવવા | વય મર્યાદા | પગાર પ્રતિ માસ (રૂા.) (ફિક્સ) |
|---|---|---|---|---|
| ફાર્માસીસ્ટ (તમામ પ્રોગ્રામ)<br>કુલ જગ્યા-૧ | (૧) ગુજરાત ફાર્મસી કાઉન્સીલમાં રજીસ્ટ્રેશન માન્યતા ધરાવતી સંસ્થામાંથી ડીગ્રી ઇન ફાર્મસી અથવા ડિપ્લોમા ઇન ફાર્મસીનો કોર્ષ કરેલ હોવો જોઇએ.<br>(૨) ઉમેદવારે ફાર્મસી કાઉન્સીલ ઓફ ગુજરાતમાં રજીસ્ટ્રેશન કરેલુ હોવુ જોઇએ.<br>(૩) હોસ્પિટલ અથવા દવાખાનામાં દવા વિતરણ કાર્યનો અનુભવ ધરાવનારને પ્રાધાન્ય આપવામાં આવશે.<br>(૪) ૫૮ વર્ષથી વધુ ઉંમર ન હોવી જોઇએ.<br>(૫) માન્ય સંસ્થામાંથી CCC લેવલનો કોમ્પ્યુટર કોર્ષ કરેલ હોવો જોઇએ. | ૧. ઉંમર અંગે પ્રમાણપત્ર ( Leaving Certificate / Adharcard / Pan Card / Birth Certificate / Election Card .... etc )<br>૨.એસ.એસ.સી. માર્કશીટ, ટ્રાયલ હોય તો તમામ માર્કશીટ એટેચ કરવી( HSC Marksheet)<br>૩.એચ.એસ.સી.ટ્રાયલ સર્ટી(HSC Attempt Certificate )<br>૪. ફાર્મસીનું છેલ્લા વર્ષ / છેલ્લા બે સેમેસ્ટરની માર્કશીટ(જો સેમેસ્ટર હોય તો બંને સેમેસ્ટરની માર્કશીટ એક PDF કરી અપલોડ કરવાની રહેશે. ટ્રાયલ હોય તો તમામ માર્કશીટ એટેચ કરવી)<br>(Any Graduate Last Year/Last Two Sem . Marksheet)<br>૫. ફાર્મસીનું ડીગ્રી સર્ટીફીકેટ (Degree Certificate)<br>૬. ફાર્મસીનુ રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ<br>૭. CCC કોમ્પ્યુટર સર્ટીફીકેટ ( Diploma / Certificate in Computer)<br>૮.અનુભવ સર્ટીફીકેટ ( Experience Certificate ) ( તમામ અનુભવના પ્રમાણપત્રોની એક PDF ફાઈલ બનાવી અપલોડ કરવાની રહેશે ) | ૫૮ વર્ષ સુધી | રૂ. ૧૩,૦૦૦/-ફિક્સ |

શરતો અને નિયમ:

૧. આ જગ્યાઓ ફક્ત ૧૧ માસ કરાર આધારિત છે. ૧૧ માસ બાદ કરાર આધારિત જગ્યાઓનો આપોઆપ અંત આવશે. કાયમી નોકરી માટેનો હક્કદાવો કરી શકશે નહી.

૨. નિમણુક પામેલ ઉમેદવારોની અન્ય જિલ્લામાં બદલી થઇ શકશે નહી.

૩. ઉમેદવારની ફક્ત ઓનલાઈન લિંક https://arogyasathi.gujarat.gov.in પર મળેલ અરજીઓ જ સ્વીકારવામાં આવશે. આર.પી.એ.ડી. /સ્પીડ પોસ્ટ/ ટપાલ/ કુરીયર થી મળેલ કે અધૂરી વિગતો વાળી અરજી અમાન્ય ગણાશે.

૩. જાહેરાતમાં દર્શાવેલ લાયકાત મુજબના તમામ સાધનિક કાગળો અપલોડ કરવાના રહેશે. અધૂરી માહિતી કે ક્ષતીવાળી અરજીઓ માન્ય ગણવામાં આવશે નહી.

૪. સુવાચ્ય અસલ પ્રમાણપત્રની ફોટોકોપી સોફ્ટવેરમાં ફરજીયાત અપલોડ કરવાની રહેશે.

૫. રસ ધરાવતાં ઉમેદવારો એ તા.૦૧/૧૨/૨૦૨૩ થી તા.૦૮/૧૨/૨૦૨૩ સાંજે ૦૫:૦૦ કલાક સુધી ઉપર જણાવેલ લીંકમાં અરજી કરવાની રહેશે.

૬. વય મર્યાદા માટે જાહેરાત માં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ વયમર્યાદાની ગણતરી કરવામાં આવશે. એટલે કે તમામ ઉમેદવારોના કિસ્સામાં વય મર્યાદા માટે જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ તા.૦૮/૧૨/૨૦૨૩ની સ્થિતી ને ધ્યાને લેવામાં આવશે.

૭.નિમણૂંક અંગેનો આખરી નિર્ણય અર્બન હેલ્થ સોસાયટી અને નેશનલ હેલ્થ મિશનની પ્રવર્તમાન શરતોને આધીન રહેશે.

મેડીકલ ઓફિસર ઓફ હેલ્થ
ગાંધીનગર મહાનગરપાલિકા